શ્રી ગ્રંથમાળા—અંક ૩.

ओ३म्

सन्ध्या.

મૂળ ભાવાર્થ સહિત.

કર્તા

વિષ્ણુરામ વ્યાધ્યાપક.

પ્રસિદ્ધ કર્તા

સુરતની વૈદિકધર્મ પ્રચારિણી સભા તરફથી

મણિલાલ ગિરિધરલાલ વર્મા.

પ્રથમવાર, ૨૦૦૦ નકલ.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું છે.

સને ૧૯૦૬.

કીમત ૩ પાઈ.

પીટર. શી. બુક એન્ડ કંપની

પુસ્તકો વેચનારા, પ્રગટ કરનારા, તથા કમીશન એજન્ટો

નં૦ ૨૫, કેમિકલ સ્ટ્રીટ, કાલબા દેવી રોડ—મુંબઇ

અમારો હેતુ આર્યસમાજ સંબંધી પુસ્તકો વેચવાનો અને ગુજરાતીમાં આર્યસમાજ સંબંધી પુસ્તકો પ્રગટ કરવાનો છે. મુંબઇ ઇલાકામાંથી જે જે આર્ય સમાજોએ આર્યસમાજ સંબંધી ગુજરાતી પુસ્તકો પ્રગટ કર્યાં હોય તેમને તે પુસ્તકો અમારે ત્યાં વેચવા મુકવા માટે વિનંતિ કરવામાં આવે છે. અમો તે પુસ્તકો ઠેરવેલું કમિશન લઇ વેચીશું અને તે પુસ્તકોની જાહેર ખબર વારંવાર "આર્યોદય" તથા "આર્ય" એ નામનાં માસિક પુસ્તકોમાં આપતા રહીશું.

આર્ય સમાજનાં પુસ્તકો સિવાય બીજાં પુસ્તકો જો કે અમે અમારી પાસે વેચવા માટે રાખતા નથી તો પણ મુંબઇમાં મળનારાં હરકોઇ પ્રકારનાં પુસ્તકો, અને સ્ટેશનરી સંબંધી દરેક પ્રકારની ચીજ અમે ઠેરવેલું કમિશન લઇ બહાર ગામ ગ્રાહકોને મોકલીએ છીએ.

અમારે ત્યાંથી પુસ્તકો મંગાવનારાઓએ અગાઉથી પૈસા મોકલવા અથવા વેલ્યુપેબલથી મંગાવવાં. અમારી સાથે પત્રવ્યવહાર કરનારે ઉપલા શિરનામાથી પત્રવ્યવહાર કરવો.

સૂચના

જો કે સંધ્યોપાસનાદિ પંચમહાયજ્ઞવિધિનું સંપૂર્ણ પુસ્તક અમે લખવા માંડયું છે અને તેને માટે પુરતો અવકાશ ન હોવાથી જલદી બહાર પડવાનો સંભવ નથી તો પણ સંધ્યાના પ્રત્યેક મંત્રનો સરલ અને સુગમ શબ્દાર્થ બરાબર સમજાય એવા એક નાના પુસ્તકની અત્યંત આવશ્યકતા હોવાથી આ ગ્રંથમાળામાં અમે આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. સભા તરફથી અગાઉ નિત્ય કર્મવિધિનું અર્થાત્ સંધ્યોપાસનનું એક નાનું પુસ્તક બહાર પડયું હતું, જેની સઘળી નકલો ખપી જવાથી તેના પુસ્તકની માગણી પણ ઘણી થવા લાગી હતી. એટલા માટે પણ આ પુસ્તક બહાર પાડવાની જરૂર જણાઇ છે. આ પુસ્તકમાં અને અગાઉના પુસ્તકમાં જે ફરક છે તે વાંચકોના સહેજ લક્ષ્યમાં આવે તેવો હોવાથી અત્રે તે વિષે કંઇ વિશેષ કહેવાની આવશ્યકતા નથી.

પ્રા. વિ. વસઈવાળા.

अहरहः सन्ध्यामुपासीत ॥

દરરોજ સંધ્યોપાસના કરવી જોઇએ.

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः ॥ मनुः ॥

જે પ્રાતઃકાળની સંધ્યા કરતો નથી અને સાયંકાળની પણ કરતો નથી તે શૂદ્રની પેઠે સમ્પૂર્ણ દ્વિજ કર્મોથી બહિષ્કાર કરવા યોગ્ય છે.

स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः ॥
महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ मनुः ॥

स्वाध्यायेन સર્વે વિદ્યાઓનું પઠનપાઠન, **व्रतैः** બ્રહ્મચર્ય, સત્યભાષણ આદિ નિયમોનું પાલન, **होमैः** અગ્નિ હોત્રાદિ હોમ, સત્યનું ગ્રહણ, અસત્યનો ત્યાગ, અને સત્ય વિદ્યાઓનું દાન, **त्रैविद्येन** વેદમાં કહેલી ત્રણ વિદ્યા અર્થાત જ્ઞાન, કર્મ તથા ઉપાસનાનું ગ્રહણ, **इज्यया** પક્ષેષ્ટિ આદિ કર્મ, **सुतैः** સુસંતાનની ઉત્પત્તિ, **महायज्ञैः** બ્રહ્મયજ્ઞ (સંધ્યા), દેવયજ્ઞ પિતૃયજ્ઞ, વૈશ્વદેવ તથા અતિથિઓનું સેવન, એ પાંચ મહા યજ્ઞો, **यज्ञैः** અગ્નિષ્ટોમ આદિ યજ્ઞો, તથા શિલ્પવિદ્યા, વિજ્ઞાન આદિ યજ્ઞો એ સર્વના સેવનથી **इयं तनुः** આ શરીર **ब्राह्मी** બ્રાહ્મી અર્થાત્ વેદ તથા પરમેશ્વરની ભક્તિ એ બેઉના આધારરૂપ બ્રાહ્મણનું શરીર **क्रियते** કરવામાં આવે છે. આ સાધનો વગર બીજાં સાધનો (જન્મ આદિ) થી બ્રાહ્મણનું શરીર બની શકતું નથી.

योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥ मनुः ॥

જે વેદ ન ભણી અન્યત્ર શ્રમ કરે છે તે બ્રાહ્મણ, ક્ષત્રીય કે વૈશ્ય પોતાના પુત્ર તથા પૌત્ર સહિત શૂદ્ર ભાવને શીઘ્ર પ્રાપ્ત થઇ જાય છે.

ओ३म्

सन्ध्या.

વિધિ.

પ્રથમ શુદ્ધ એકાંત દેશમાં બેસી શિખાબંધન કરી સાવધાન થઈ નીચેના મંત્રથી ત્રણ વાર આચમન કરવું—

અથ આચમન મંત્ર.

ओ३म् । शन्नो॑ दे॒वीर॒भिष्ट॑य॒ आपो॑ भवन्तु पी॒तये॑ । शं योर॒भिस्र॑वन्तु नः ॥ यजुः अ० ३६ मं० ॥१२॥

देवीः आपः દિવ્યગુણયુક્ત અને સર્વ વ્યાપક ઇશ્વર **नः** અમારી **अभिष्टये** મનોવાંછિત **पीतये** તૃપ્તિને માટે **शम्** સુખદાતા થાઓ; અને **नः** અમારી ઉપર **शंयोः** સુખ **अभिस्रवन्तु** વરસાવો.

શ્લેષાલંકારથી બીજો અર્થ એ પણ થાય છે કે—દિવ્ય, જલ, અમને મનોવાંછિત પીવા માટે સુખદાયી થાઓ; અમને સુખદાયક વર્ષા થાઓ. આ જલ બોધક અર્થને લીધેજ આ મંત્રનું આચમન કરવામાં ગ્રહણ કર્યું છે.

અથ ઇંદ્રિય-સ્પર્શ મંત્ર.

ओं वाक् वाक् । ओं प्राणः प्राणः । ओं चक्षुः चक्षुः । ओं श्रोत्रं श्रोत्रम् । ओं नाभिः । ओं हृदयम् । ओं कण्ठः । ओं शिरः । ओं बाहुभ्यां यशो बलम् । ओं करतलकरपृष्ठे

આ પ્રત્યેક વાક્યો બોલતાં પ્રત્યેક અંગનો સ્પર્શ એવી મતલબથી કરવો કે પરમેશ્વર સર્વ અંગોનો **ओम्** રક્ષક થાય અર્થાત્ ધર્માનુકૂલ ચલાવે.

અથ ઇશ્વર પ્રાર્થના પૂર્વક માર્જન મંત્રો.

ओम्भूः पुनातु शिरसि । ओम्भुवः पुनातु नेत्रयोः ।
ओं स्वः पुनातु कण्ठे । ओं महः पुनातु हृदये ।
ओं जनः पुनातु नाभ्याम् । ओं तपः पुनातु पादयोः ।
ओं सत्यं पुनातु पुनश्शिरसि। ओं खं ब्रह्म पुनातु सर्वत्र ॥

भूः જેમાં સર્વ પ્રાણી વર્ગ સ્થિત છે તે પરમાત્મા **शिरसि** શિર ઉપર **पुनातु** પવિત્રતા કરો. **भुवः०** સર્વ દુઃખ વિનાશક ઇશ્વર નેત્રોમાં પવિત્રતા કરો. **स्वः०** સુખ સ્વરૂપ અને નિયંતા ઇશ્વર કંઠમાં પવિત્રતા કરો. **महः०** મહાન્ ઇશ્વર હૃદયમાં પવિત્રતા કરો. **जनः०** જગદુત્પાદક ઇશ્વર નાભિમાં પવિ० **तपः** તેજસ્વી ઇશ્વર પગોમાં પવિ० **सत्यम्०** એક રસ પરમાત્મા શિરમાં પવિ० **खं०** આકાશની પેઠે વ્યાપક **ब्रह्म०** સૌથી મોટો ઇશ્વર સર્વે અંગોમાં પવિ० (અર્થાત્ આ સર્વે અંગો સ્વચ્છ રહે, શુભ કર્મોમાં લાગે અને દુષ્કર્મોથી બચે એવો પ્રયત્ન આપણે કરવો જોઈએ.

અથ પ્રાણાયામ મંત્રો.

ओं भूः ।ओं भुवः । ओं स्वः । ओं महः ।ओं जनः ।
ओं तपः । ओं सत्यम् ॥ तै० प्र० १० अनु० १७ ॥

(**भूः** , **भुवः** ઇત્યાદિનો અર્થ ઉપર માર્જન મંત્રોમાં આવી ગયો છે.)

પ્રાણાયામનો વિધિ મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી વિર-

ચિત **सत्यार्थप्रकाश** ની પાંચમી આવૃત્તિના ૩૭ મા પાના ઉપર આપેલો છે તે જોઇ લેવો. અને જે કોઈ બરાબર પ્રાણાયામ કરી જાણતો હોય તેની પાસે શીખી લેવો. એ પ્રમાણે ઓછામાં ઓછા ત્રણ પ્રાણાયામ કર્યા પછી નીચેના અઘમર્ષણ એટલે પાપથી બચવાના મંત્રો દ્વારે પરમેશ્વરની સ્તુતિ કરવી.

અથ અઘમર્ષણ મંત્રો.

ओ३म् । ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत ।
ततो रात्र्यजायत ततः समुद्रो अर्णवः ॥ १ ॥
समुद्रादर्णवादधि संवत्सरो अजायत ।
अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥ २ ॥
सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥ ३ ॥ ऋ० अ० ८ अ० ८ व० ४८ ॥

अभीद्धात् જ્ઞાનમય **तपसः** પરમાત્માના સામર્થ્યથી **ऋतंच** વેદ, અને **सत्यंच** નાશ નહિ થનારી અવ્યક્ત (પ્રકૃતિ) **अध्यऽजायत** પ્રગટ થઇ. **ततः** તેજ સામર્થ્યથી **रात्री** મહારાત્રિ **अजायत** ઉત્પન્ન થઇ, **अर्णवः** જળથી ભરેલો સમુદ્ર (આકાશ) થયો, **अर्णवात्** જળથી ભરેલા **समुद्रात्** આકાશ થયા પછી **संवत्सरः** સંધિકાલ **अधि-अजायत** થઇ ગયો. ત્યારે **विश्वस्य** સર્વ **मिषतः** ચેતન (જીવ) માત્રના **वशी** અધિષ્ઠાતાએ **अहोरात्राणि** દિવસ અને રાત્રિને **विदधत्** રચ્યા. (કેમકે) **धाता** ધારણ કરનાર ઇશ્વરે **सूर्याचन्द्रमसौ** સૂર્ય અને ચંદ્રને **यथापूर्वम्** પુર્વ કલ્પની પેઠે **अकल्पत्** રચ્યા હતા, **दिवंच** અને પ્રકાશમાન **स्वः** દ્યુ-(સદા પ્રકાશિત)-

લોક **पृथिवींच** અને પૃથ્વી **अथो** તથા **अन्तरिक्षम्** અંતરિક્ષ (વચલા) લોકને પણ (રચ્યા.)

ભાવાર્થ—વેદથી લઈ પૃથ્વી સુધી જે આ જગત્ છે તે સઘળું ઈશ્વરના નિત્ય સામર્થ્યથી પ્રકાશિત થયું છે, અને ઈશ્વર વ્યાપક હોઈ અંતર્યામી રૂપથી સર્વના પાપ પુણ્ય જોય છે અને પક્ષપાત વગર સર્વેને યથા યોગ્ય ફળ આપે છે. એ પ્રમાણે નિશ્ચયથી જાણી ઈશ્વરનો ડર રાખી સર્વે મનુષ્યોને માટે ઉચિત છે કે મન, કર્મ અને વચનથી પાપ કર્મો કદી પણ ન કરવા જોઇએ.

એ પ્રમાણે પાપથી દૂર રહેવાના આ મંત્રોથી ઇશ્વરની સ્તુતિ કર્યા પછી **शन्नो देवीः** ઇત્યાદિ આચમન મંત્રથી ફરીથી ત્રણ આચમન કરવાં. તે પછી નીચેના " મનસા પરિક્રમ " મંત્રો અર્થાત્ મનથી સર્વ દિશાઓમાં પરમેશ્વર વ્યાપક છે એવું નિશ્ચયે કરીને જાણી લઇ આપણી તે સર્વ પ્રકારે રક્ષા કરે છે તેટલા માટે પરમાત્માની સ્તુતિ કરવી.

અથ " મનસા પરિક્રમ " મંત્રો.

प्राची दिगग्निरधिपतिरसितो रक्षितादित्या इषवः । तेभ्यो नमोऽधिपतिभ्यो नमो रक्षितृभ्यो नम इषुभ्यो नम एभ्यो अस्तु । यो३ऽस्मान्द्वेष्टि यं वयं द्विष्मस्तं वो जम्भे दध्मः ॥ १ ॥

दक्षिणादिगिन्द्रोऽधिपति स्तिरश्चिराजी रक्षिता पितर इषवः । तेभ्यो० [ઇત્યાદિ ઉપર પ્રમાણે] ॥ २ ॥

प्रतीचीदिग्वरुणोऽधिपतिः पृदाकू रक्षितान्नमिषवः । तेभ्यो० ॥ ३ ॥

उदीचीदिक् सोमोऽधिपतिः स्वजो रक्षिता शनिरिषवः । तेभ्यो० ॥ ४ ॥

**ध्रुवादिग्विष्णुरधिपतिः कल्माषग्रीवो रक्षिता वीरुध इ-
षवः । तेभ्यो० ॥ ५ ॥**

**ऊर्ध्वा दिग्बृहस्पतिरधिपतिः श्वित्रो रक्षिता वर्षमि-
षवः । तेभ्यो० ॥ ६ ॥**

प्राचीदिक् પૂર્વ દિશામાં **अग्निः** પ્રકાશ સ્વરૂપ ઈશ્વર **अधिपतिः** સ્વામી છે, **असितः** અંધઃકારથી રક્ષણ કર્તા છે, **आदित्याः** સૂર્યનાં કિરણો **इषवः** બાણરૂપ છે. (જે પ્રમાણે બાણોથી આપણી રક્ષા અને શત્રુઓનો નાશ કરવામાં આવે છે તેજ પ્રમાણે અનુકૂલ સેવન કરનારાઓની સૂર્યનાં કિરણોથી રક્ષા અને પ્રતિકૂલ સેવન કરનારાઓનો નાશ ઇષ્ટ છે.)

तेभ्यः अधिपतिभ्यः नमः તે સ્વામીને માટે આદર હજો, **रक्षितृभ्यो** રક્ષકને માટે આદર હજો, **इषुभ्यः** તે બાણોને માટે **नमः** આદર હજો, **एभ्यः** એ સર્વેને માટે **नमः अस्तु** આદર હજો. **योऽस्मान् द्वेष्टि** જે અમારો દ્વેષ કરે છે, **यं वयं द्विष्मः** જેનો અમે દ્વેષ કરીએ છીએ, **तम्** એવા તે (દ્વેષભાવ) ને **वः** તે (અધિપતિ, રક્ષક અને બાણો) ની **जम्भे** દાઢમાં **दध्मः** ધરીએ છીએ. (અર્થાત્ સ્વામી રક્ષક ઈશ્વર અને તેના રચેલા સૂર્યાદિ પદાર્થોથી અમારી રક્ષા થાઓ, અમારા દ્વેષભાવનો નાશ થાઓ, કે જેથી અમે અનર્થોથી દૂર રહી સર્વેના મિત્ર થઈએ અને સર્વ કોઈ અમારા મિત્ર થાય) ૧.

दक्षिणा दिक् દક્ષિણ દિશામાં **इन्द्र** પરમૈશ્વર્યવાન્ ઈશ્વર **अधिपतिः** સ્વામી છે, **तिरश्चिराजी–रक्षिता** સર્પાદિની પંક્તિથી રક્ષણ કરે છે, **पितरः** ચંદ્રનાં કિરણો **इषवः** બાણ રૂપ છે. (શેષ અર્થ ઉપર પ્રમાણે.) ૨

प्रतीची दिक् પશ્ચિમ દિશામાં **वरुणः** વરણીય (સર્વોત્તમ)

મજનીય ઇશ્વર **अधिपतिः** સ્વામી છે, **पृदाकू रक्षिता** ઝેરી પ્રાણીઓથી રક્ષણ કર્તા છે, **अन्नम्** અન્ન **इषवः** બાણ તુલ્ય છે. (શેષ પૂર્વની પેઠે.) ૩.

उदीची दिक् ઉત્તર દિશામાં **सोमः** શાંત સ્વરૂપ ઇશ્વર **अधिपतिः** સ્વામી છે, **स्वजो रक्षिता** સ્વયં ઉત્પન્ન થએલા (કીટ, મચ્છરાદિ) અમૈથુની સૃષ્ટિથી રક્ષણ કરે છે, **अशनिः** વીજળી **इषवः** બાણતુલ્ય છે. (શેષ પૂર્વવત્) ૪.

ध्रुवा दिक् નીચેની દિશામાં **विष्णुः** વ્યાપક ઇશ્વર **अधिपतिः** સ્વામી છે, **कल्माषग्रीवो रक्षिता** કાળી ગ્રીવાવાળાઓથી રક્ષણ કરે છે, **वीरुधः** વનસ્પતિ આદિ **इषवः** બાણ તુલ્ય છે. (શેષ પૂર્વવત્) ૫.

ऊर्ध्वा दिक् ઉપરની દિશામાં **बृहस्पतिः** મોટાથી પણ મોટો ઇશ્વર **अधिपतिः** સ્વામી છે, **श्वित्रो रक्षिता** શ્વેત કુષ્ટાદિથી રક્ષણ કરે છે, **वर्षम्** વરસાદ **इषवः** બાણ રૂપ છે. (શેષ પૂર્વવત્) ૬.

(ઉપર કહેલી પ્રત્યેક દિશા સાથે મંત્રમાં કહેલા બાણરૂપ પદાર્થનો કોઇ એક પ્રકારનો અદૃષ્ટ સંબંધ છે એવું જણાય છે. પ્રથમ મંત્રમાં જે પ્રમાણે સૂર્યના કિરણો દ્વારે અંધઃકારથી રક્ષણ અને અંધઃકારનો નાશ થાય છે, તેજ પ્રમાણે બીજા મંત્રમાં જોતાં પણ જણાઇ આવે છે કે તિર્યક્ જીવો અર્થાત્ કીટકાદિથી રક્ષણ થવા માટે ચંદ્રકિરણો દ્વારા અમૃતસ્રવિત થઇ તેમનો અવગુણ દબાઈ જાય છે. એજ પ્રમાણે બીજા મંત્રોમાં પણ જ્યાં સુધી બુદ્ધિ પહોંચે ત્યાં સુધી અનુસંધાન થઇ શકે છે.)

અથ ઉપસ્થાન મંત્રો.

ओ३म् उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।

देवं देवत्रा सूर्य्यमगन्म ज्योतिरुत्तमम् ॥

य० अ० ३५ मं० १४ ॥

वयम् અમે ઉપાસક तमसः परि અવિદ્યાન્ધકારથી રહિત स्वः સુખ સ્વરૂપ देवत्रा દેવોમાં उत्तरं देवम् ઉત્તમ દેવ उत्तमम् ज्योतिः સર્વોત્તમ જ્યોતિ સ્વરૂપ सूर्य्यम् ચરાચર જગતના આત્માને पश्यन्तः જાણીને उत् अगन्म ઉચ્ચ ભાવને પ્રાપ્ત થઇએ.

उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः ।

दृशे विश्वाय सूर्य्यम् ॥ य० अ० ३३ मं० ३१ ॥

त्यम् તે जातवेदसम् વેદોના પ્રકાશને उ કેવી રીતે જાણીએ? (ઉત્તર) सूर्य्यम् ચરાચરાત્મા देवम् ઇશ્વરને केतवः એના પાલન આદિ ગુણરૂપી કિરણો विश्वाय સર્વેને दृशे જ્ઞાત કરાવવા માટે उत् वहन्ति ઉચ્ચ ભાવથી દર્શાવે છે.

चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ।

आप्रा द्यावापृथिवी अन्तरिक्षꣳ सूर्य आत्मा

जगतस्तस्थुषश्च स्वाहा ॥ य० अ० ७ मं० ४२ ॥

જે देवानाम् ઉપાસકોનો चित्रम् વિચિત્ર अनीकम् બળ છે, અને मित्रस्य સૂર્ય वरुणस्य ચંદ્ર તથા अग्नेः અગ્નિનો चक्षुः પ્રકાશક છે, અને द्यावापृथिवी ઘુલોક તથા પૃથ્વી અને अन्तरिक्षम् મધ્યસ્થલોકના आप्राः ધારક છે, सूर्य ચરાચરનો આત્મા जगतः જંગમ च અને तस्थुषः સ્થાવરનો आत्मा વ્યાપક છે; તેજ उदगात् અમારા હૃદયમાં પ્રકાશ કરી રહ્યો છે.

तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् ।

पश्येम शरदः शतं जीवेम शरदः शतꣳ शृणुयाम

शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम
शरदः शतं भूयश्च शरदः शतात् ॥
य० अ० ३६० मं० २४ ॥

तत् તે બ્રહ્મ **चक्षुः** સર્વદ્રષ્ટા **देवहितम्** ઉપાસકોનું હિતકારિ **शुक्रम्** સંપૂર્ણ જગતનું રચનારૂં **पुरस्तात् उच्चरत्** સૃષ્ટિની પૂર્વેજ વિરાજમાન છે. (તેની કૃપાથી અમે) **शरदः शतम्** સો વર્ષ સુધી **जीवेम** જીવીએ, **शरदःशतम्** સો વર્ષ સુધી **शृणुयाम** સદ્દાકયો સાંભળીએ, **शरदःशतम्** સો વર્ષ સુધી **प्रब्रवाम** સદ્વચનો બોલીએ, **शरदःशतम्** સો વર્ષ સુધી **अदीनाःस्याम** દુઃખ રહિત થઇએ, **च** અને **शरदःशतात्** સો વર્ષથી **भूयः** વધારે પણ (તે પ્રમાણે કરીએ.)

અથ ગુરૂ મંત્ર.

ओ३म् भूर्भुवः स्वः।तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात् ॥ य० अ० ३६ मं ३ ॥

(**भूः भुवः स्वः** એ મહાવ્યાહૃતિઓનો અર્થ પ્રાણાયામના મંત્રમાં લખ્યો છે.) **सवितुः** જગત્પિતા **देवस्य** સર્વેના ભજનીય, આત્માઓના પ્રકાશક ઇશ્વરના **तत्** તે **वरेण्यम्** સર્વોત્તમ **भर्गः** શુદ્ધ તેજ ! સ્વરૂપને **धीमहि** આપણે ધારણ કરીએ; **यः** જે **नः** અમારી **धियः** બુદ્ધિઓને **प्रचोदयात्** પ્રેરણા કરે.

ભાવાર્થ—જે પરબ્રહ્મ પરમાત્માનું સર્વોત્તમ નામ ઓંકાર છે, જે સંપૂર્ણ જંતુઓનો પ્રાણદાતા છે, જે પ્રાણથી પણ પ્રિય છે, જે સજ્જનોનાં દુઃખ દૂર કરી નિત્ય આનંદમાં રાખે છે, જે સર્વજ્ઞ, સર્વ વ્યાપક સર્વ શક્તિમાન છે, જે અનંત બ્રહ્માંડ તથા તેની અંદરની સંપૂર્ણ વસ્તુઓનું આદિકારણ, પાલક તથા પ્રલયકર્તા છે, જે અત્યંત ગ્રહણ કરવા યોગ્ય છે, એવા તે સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરંજન, નિરાકાર, નિરાધાર,

નિર્વિકાર, અધમોદ્ધારક, ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને આપનાર તેજનું અમે ધ્યાન કરીએ છીએ કે જેથી તે અમારી બુદ્ધિઓને દુરાચારથી છોડવી સદાચારમાં સ્થિત કરે.

અથ સમર્પણ મંત્ર.

नमः शम्भवायं च मयोभवायं च नमः शङ्करायं च मयस्करायं च नमः शिवायं च शिवतराय च ॥ य० अ० १६ मं० ४१ ॥

शम्भवायच સુખસ્વરૂપ પરમેશ્વરને અને **मयोभवाय च** સંસારનાં સર્વોત્તમ સુખના દાતાને **नमः** નમસ્કાર હજો, **शङ्करायच** મંગળ કરનાર અને **मयस्कराय च** ધર્મની શિક્ષા કરનારને **नमः** નમસ્કાર હજો, **शिवाय च** મંગળસ્વરૂપ અને **शिवतराय च** મોક્ષના દાતાને **नमः** નમસ્કાર હજો.

(એ પ્રમાણે અર્થ સહિત સર્વે મંત્રોથી પરમેશ્વરની સમ્યક્ રીતે ઉપાસના કરી પછી સમર્પણ કરવું કે, હે ઈશ્વર, દયાનિધે, આપની કૃપાથી જે કંઈ ઉત્તમ કર્મ અમે કરીએ છીએ તે સર્વ આપને અર્પણ છે. જેથી કરીને ધર્મ અર્થાત્ સત્ય તથા ન્યાયનું આચરણ કરવું, અર્થ અર્થાત્ ધર્મથી પદાર્થની પ્રાપ્તિ કરવી, કામ અર્થાત્ ધર્મ તથા અર્થથી ઇષ્ટ ભોગોનું સેવન કરવું, અને મોક્ષ અર્થાત્ સર્વ દુઃખોથી મુક્ત થઈ આનંદમાં રહેવું, એ ચારે પદાર્થોની સિદ્ધિ અમે પ્રાપ્ત કરીએ.)

॥ ओं शान्तिश्शान्तिश्शान्तिः ॥

વેદધર્મ પ્રચારિણી સભાના નિયમો.

અર્થાત્

આર્ય સમાજના નિયમો.

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિ મૂલ પરમેશ્વર છે.

૨. ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વ શક્તિમાન્ ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે; એની ઉપાસના કરવી યોગ્ય છે.

૩, વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યનું ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય તથા અસત્યનો વિચાર કરીને કરવા જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સભા (સમાજ) નો મુખ્ય ઉદ્દેશ્ય છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક જણે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ; પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજીક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

પુસ્તકો તૈયાર છે.

પુરાણની ઉત્પત્તિ ... ... કીમત ૦ા આનો.
વેદ શું છે? ... ... કીમત ૦ા આનો.
શતપ્રશ્નોત્તરાવલી ... ... કીમત ૧ આનો.
સ્વર્ગમાં સબજેક્ટ કમિટી... ... કીમત ૩ આના.
સ્વર્ગમાં મહાસભા ... ... કીમત ૩ આના.
સ્વામી દયાનંદ અને [illegible]... કીમત ૧ા આનો.
વ્યવહારભાનુ ... ... કીમત ૩ આના.

દરેક પુસ્તક ઉપર ટપાલ ખરચ જુદું પડશે.

રૂ.૫) ની પુસ્તકો ઉપર સેંકડે ૧૦ ટકા. રૂ.૧૦) ની પુસ્તકો ઉપર સેંકડે ૧૫ ટકા, રૂ.૨૦ ની પુસ્તકો ઉપર સેંકડે ૨૦ ટકા અને તે ઉપરાંત સેંકડે ૨૫ ટકા કમીશન આપવામાં આવશે. ગુજરાત તથા કાઠિયાવાડના દરેક મુખ્ય શહેરો માટે એજન્ટો જોઈએ છે.

નીચેનાં પુસ્તકોની બહુજ નકલો હોવાથી ઓછી કીમતે વેચી નાંખવાનાં છે.

વિચાર દર્પણ—અસલ કીમત ૧ા રૂપીઓ. ઘટાડેલી કીમત ૪ આના.

અપારસીનું સ્વપ્ન—અસલ કીમત ૨ આના. ઘટાડેલી કીમત ૦ા આનો.

કમળા—અસલ કીમત ૪ પાઈ. ઘટાડેલી કીમત ૧ પાઈ.

પી. પી. શુક્લ અને કંપની.
નં. ૬૫, [illegible] સ્ટ્રીટ, કાલબાદેવી રોડ,
મુંબઈ.

અગાઉ.

એ નામનું માસિક પ્રગટ થયું સં. ૧૯૯૨ ના થી શરૂ થયું છે. આ માસિકમાં વૈદિક ધર્મ સંબંધી વિદ્વાન લેખકો ના લેખો પ્રગટ થાય છે. આ માસિકની ... છે અને ... દરેક ... આ માસિકનો ... ઉપરાંત ... લેખો ... માસિકના ... ગ્રાહક ... રાખવામાં આવશે.

વાર્ષિક લવાજમ, ટપાલ ખર્ચ સાથે રૂ.—૩—૦—૦ લેવામાં આવશે.

જે આ ... ટપાલ ખર્ચ સાથે ... લેવામાં આવશે ... વિદ્યાર્થીઓ અને શાળાના ... માટે ટપાલ ખર્ચ સાથે ... લેવામાં આવશે.

સમાલોચક.

આ નામનું માસિક પુસ્તક સં. ૧૯૯૨ ના ... થી શરૂ થયું છે. આ માસિકમાં આર્ય સમાજના ... રીતે ... છે તે ... લેખો ... સ્વરૂપ ... ધર્મનું સ્વરૂપ ... આવે છે. આ પુસ્તક ... આવે છે. ટપાલ ખર્ચ સાથે ... લેવામાં આવે ...

... ઠેકાણે ...

શુ.—લેખક ... ઠે. ... મુંબઈ.

પી. બી. ગુપ્ત અને કંપની.

નં. ૨૫, ..., મુંબઈ.